**૧૬/૦૩/૨૦૨૧**

**પ્રતિ,**
**શ્રી વિજયભાઈ રૂપાણી,**
**માન.મુખ્યમંત્રીશ્રી અને માન.મંત્રીશ્રી,**
**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,**
**સ્વર્ણિમ સંકુલ-1, ત્રીજો માળ, સેકટર-10,**
**નવા સચિવાલય, ગાંધીનગર - 382010**

**વિષય : શહેરી વિકાસ વિભાગને લગતા તથા સુડાના D.P.ને લગતા પ્રશ્નોની રજૂઆત બાબતે...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોક્ત વિષય અન્વયે આપશ્રીને જણાવવાનું કે નીચે મુજબના આવશ્યક મુદ્દાઓ માટેની અમારી રજૂઆત ધ્યાને લઇ યોગ્ય ઉકેલ લાવવા માટે નમ્ર વિનંતિ છે.

૧. **કામરેજ પલસાણા કોરિડોર માટે 1.2 ની જગ્યાએ Base FSI 1.8 આપવા તથા તેમાં આવતા ટી.પી.સ્કીમમાં 50% ની જગ્યાએ 40% જગ્યા કાપવા બાબતે અને હાઈવેની બંને બાજુ પેરલલ 30 મીટર અને 45 મીટર રોડ પડતો મુકવા બાબતે...**

સુરત જિલ્લામાં સુડામાં આવેલ નેશનલ હાઇવે નં. **8** માં કામરેજથી પલસાણા સુધી રોડના બંને બાજુ **1** કિલોમીટરના કોરિડોર બનાવીને તેને **Base FSI 1.2** આપી ટી.પી.સ્કીમો બનાવવાનું નક્કી કરી **50%** જગ્યા આપવાનું નક્કી કરેલ છે. જે ખરેખર અન્યાયકર્તા છે. ઉપરોક્ત કોરિડોરમાં **23** જેટલી ટી.પી.સ્કીમોનું આયોજન કરેલ છે અને સમગ્ર ગુજરાતમાં એકાદ-બે ટી.પી.સ્કીમો સિવાય ક્યાંય **50%** કપાતનું ધોરણ નથી. બધી જ ટી.પી.સ્કીમો **40%** ના કપાતથી બને છે. **90** મીટરના સુડાના આઉટર રિંગરોડ પર **40%** ની ટી.પી.સ્કીમો છે. કામરેજ-પલસાણા કોરિડોરમાં **90** મીટરનો નેશનલ હાઈવે હયાત છે અને જમીનમાલિકોએ વર્ષોથી હાઇવેના સંપાદનમાં જગ્યાઓ આપી દીધેલ છે. હજુ વધારાની એટલે કે **50%** કપાત કરવાની થાય તો તે અયોગ્ય અને અન્યાયકર્તા ગણાય. તે ઉપરાંત **Base FSI 1.8** આપવી જોઇએ.

હાઈવેની બંને બાજુ **30** મીટર અને **45** મીટરના પેરેલલ રોડ સૂચવેલ છે જે જગ્યાએ પહેલાથી જ બાંધકામો હોવાથી તેમાં કોઈપણ સંજોગોમાં તે શક્ય નથી. આથી હાઇવેની બંને બાજુ પેરેલલ રોડ મુકવાની જોગવાઈ પડતી મુકવા માટે આપને વિનંતી છે.

વધુમાં, જ્યાં સુધી ટી.પી.સ્કીમોનું આયોજન ન થાય ત્યાં સુધી વિકાસ પરવાનગીઓ ન આપવી તેવું તા.**13/10/2020** નાં નોટિફિકેશનથી જણાવેલ છે. આમ, ટી.પી.સ્કીમોનું

સત્વરે આયોજન થાય તેવી વ્યવસ્થા કરી અને ટી.પી.સ્કીમો બનાવવાની પોલીસી ચાલુ હોય તેવા સંજોગોમાં પણ વિકાસ પરવાનગી આપવાની ઓથોરિટીને સૂચના આપશો.

તેવી જ રીતે હાઈ-સ્પીડ રેલ કોરિડોર CBD – HSK CBD(hNODE) માટે પણ ટી.પી.સ્કીમોમાં કપાત ધોરણ **50%** ની જગ્યાએ **40%** રાખવા માટે આપશ્રીને નમ્ર અપીલ છે.

૨. **સુરત મહાનગર પાલિકામાં સમાવિષ્ટ નવા ગામોનો ટાઉન પ્લાનીંગ તથા વિકાસની બાબતનો વહીવટ સુરત મહાનગર પાલિકાને સોંપવા બાબતે...**

ગત ઓગષ્ટ મહિનામાં ગુજરાત સરકાર દ્વારા નોટીફીકેશન બહાર પાડીને સુરત મહાનગર પાલિકામાં **27** ગામો અને **2** નગર પાલિકાનો સમાવેશ કરેલ છે. પરંતુ સુડા બોર્ડનાં ઠરાવની વહીવટી પ્રક્રિયા બાકી હોવાથી તેમાં સુડાના ફાઇનલ ડી.પી. જાહેર થયેલ હોવા છતાં ટાઉન પ્લાનીંગ વિભાગ દ્વારા નવા સમાવિષ્ટ ગામોમાં ટી.પી.સ્કીમના આયોજન તથા અન્ય વિસ્તારનાં કામો હજુ સુધી હાથ ધરેલ નથી. તેમજ સરાકાર દ્વારા તેના અમલ માટે કોઇ સુચના આપવામાં આવી નથી. જેથી સદર સમાવિષ્ટ ગામોનો, વિકાસના કામો અને પ્રાથમિક સુવિધાના કામો અટકી પડેલ છે. જેથી ત્વરીત કાર્યવાહી કરી આ ગામોના વિસ્તારનો વહીવટ સુરત મહાનગર પાલિકાએ સ્વીકારી વિકાસના કામો ઝડપથી શરૂ કરવા અમારી વિનંતિ છે.

૩. **સુડામાંથી રદ થયેલા ગામોમાં આવતા રોડ-નેટવર્ક બાબતનો નિર્ણય લઇ વિકાસ પરવાનગીઓ આપવા બાબતે...**

સૌપ્રથમ સુડામાં હદ-વિસ્તારથી વધારે ઘણા ગામોનો સમાવેશ કરવામાં આવેલ હતો અને તે પ્રમાણે સુડાના ડેવલપમેન્ટ પ્લાનનું આયોજન કરવામાં આવેલ હતું અને તે મુજબનું ઝોનિંગ અને રોડ નેટવર્ક તૈયાર કરેલ હતું. પરંતુ ત્યારબાદ સરકારશ્રી સુડાની હદ-વિસ્તારમાંથી ઘણા ગામો રદ કરેલ હતા અને જે ગામો જરૂરી હતા તેવા ગામોનો ફરીથી સમાવેશ કરેલ હતો. હાલની સ્થિતિએ સુડાની હદ-વિસ્તારમાંથી રદ કરેલ ગામોમાં સુડાનો રોડ બતાવે છે અને રોડ પસાર થયો હોય ત્યાં સુડા દ્વારા વિકાસ પરવાનગીઓ આપવામાં આવતી નથી. હવે જે ગામો સુડામાંથી નીકળી ગયા હોવાથી અગાઉ બતાવેલ રોડ પણ ઓટોમેટીક કેન્સલ થઈ જાય છે. આ બાબતે સુડાને યોગ્ય સુચના આપી વિકાસ પરવાનગી આપવા બાબતે સુચના આપશોજી.

૪. **સુડાના નકશામાં સુડા દ્વારા કરવામાં આવેલ કલમ-19 વેરીએશનની દરખાસ્તને ઝડપથી મંજુરી આપવા બાબત...**

ગુજરાત સરકારનાં પત્ર દ્વારા સુડાને સુડા-બોર્ડમાં ઠરાવ કરીને સુચિત સમયમર્યાદામાં કલમ-**19** હેઠળ દરખાસ્તો મોકલવાની હોય છે પરંતુ હજુ સુધી સુડા દ્વારા એવી કોઇપણ દરખાસ્ત કરીને સરકારમાં મોકલવામાં આવેલ હોય તેમ જણાતું નથી. આ બાબતે ઝડપથી કાર્યવાહી કરવા માટે સુચના આપશોજી.

**૫. ટી.પી.સ્કીમોના ઝડપથી નિકાલ બાબતે...**

હાલમાં સુડા અને સુરત મહાનગરપાલિકાના હદ-વિસ્તારમાં આવતી ઘણી ટી.પી.સ્કીમો વિવિધ સ્તરે પેન્ડિંગ છે. જેમાં એસ.એમ.સી સ્તરે, સુડા સ્તરે, મુખ્ય નિગર નિયોજક સ્તરે અને સરકારશ્રી ખાતે મંજુરી અર્થે પેન્ડિંગ છે. જેથી આ બાબતે યોગ્ય સુચનાઓ આપી ટી.પી.સ્કીમોનો જલદી નિકાલ થાય તે બાબતે ઘટતું કરવા મહેરબાની કરશોજી. આ બાબતે અમોએ વારંવાર રજુઆતો કરેલ છે.

**લિ. આપના વિશ્વાસુ**

**સુરેશ પટેલ**
**ચેરમેન**
**ક્રેડાઈ-સુરત**

**રવજીભાઈ પટેલ**
**પ્રમુખ**
**ક્રેડાઈ-સુરત**

**વિજય ધામેલિયા**
**માનદ્‌મંત્રી**
**ક્રેડાઈ-સુરત**

**નકલ રવાનાઃ**

**૧.** એડીશનલ પ્રિન્સીપાલ સેક્રેટરીશ્રી મુકેશભાઈ પુરી સાહેબ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં.**14, 9** મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

**૨.** ચેરમેનશ્રી સુડા, સુડાભવન, વેસુ, સુરત.

**૩.** ચીફ ટાઉન પ્લાનરશ્રી, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર**-10**, ગાંધીનગર.

**૪.** ઓ.એસ.ડી. શ્રી દત્તા સાહેબ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, બ્લોક નં.**14, 9** મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

**૫.** પ્રિન્સિપાલ સેક્રેટરી ટુ સી.એમ. શ્રી એમ.કે.દાસ સાહેબ, સ્વર્ણિમ સંકુલ-૧, ત્રીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.

**૬.** ટાઉન પ્લાનર શ્રી રાજેશ રાવલ સાહેબ, સેન્ટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર**-10**, ગાંધીનગર.